<u>આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'પ્રાકૃતિક કૃષિ' અંગેના તાલીમ કાર્યક્રમનું ઉદ્દઘાટન</u>

પ્રાકૃતિક કૃષિને ગુજરાત તથા દેશ લેવલે મોટા પાયે ખેડૂતો અપનાવે તે માટે માન. રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે, જેના ભાગરૂપે એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૧૮ થી ૨૨ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

એગ્રોનોમી વિભાગ દ્વારા ખેડૂતો માટે આયોજિત આ ૧૦૩મી તાલીમ કાર્યક્રમનો ઉદ્દઘાટન સમારોહ માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. સદર તાલીમ કાર્યક્રમમાં મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના કુલ ૩૬ ખેડૂતો ઉપસ્થિત રહેલ છે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. એચ. બી. પટેલે એગ્રોનોમી વિભાગ દ્વારા ખેડૂત માટેના આ તાલીમ કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન પાઠવેલ અને પ્રાકૃતિક કૃષિના તમામ આયામોનો ખેડૂતો ઉપયોગ કરી ગુણવત્તાસભર પાક ઉત્પાદન કરે એ બાબતે ખાસ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે માન. કુલપતિશ્રીએ જણાવેલ કે, રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે તેજ પથ પર આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓમાં પ્રાકૃતિક કૃષિનો સમાવેશ કરી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. વધુમાં તેમણે જણાવેલ કે, પ્રાકૃતિક કૃષિ એવા પ્રકારની કૃષિ છે કે, જેમાં કોઈપણ પ્રકારના રસાયણોનો ઉપયોગ કરવામાં આવતો ન હોવા છતાં પણ સારું અને ગુણવત્તાસભર પાક ઉત્પાદન મેળવી શકાય છે. ખેતી ખર્ચમાં ઘટાડો કરવા અને ગુણવત્તા સભર ઉત્પાદન મેળવા માટે પ્રાકૃતિક કૃષિના તમામ આયામોનો ઉપયોગ કરવા ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કર્યો હતો. તેમજ ખેડૂતો આ તાલીમમાંથી પ્રાયોગિક ધોરણે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નીઅસ્ત્ર વગેરે બનાવવાની રીત શીખ્યા બાદ પોતાનાં ખેતરમાં જાતે તૈયાર કરી ખેતીમાં ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહિત કરેલ. તેમજ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે અને ખેડૂતોને ખેતી પાકોમાં મૂઝવતાં પ્રશ્નો માટે જેતે વૈજ્ઞાનિકનો સંપર્ક કરી ખેડૂતોને પોતાના પ્રશ્નોનું નિવારણ કરવા જણાવેલ.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ, ડૉ. એ. પી. પટેલ તથા ડૉ.જી. એન. મોટકા દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી













